| Client: IGPC | Date: 18th May, 2020 |
| --- | --- |
| Publication: Economic Times | Page No: |

# અનિશ્ચિતતાના લીધે રોકાણ માટે સોનાની માંગ વધી શકે: IGPC

## જ્વેલરી ઉત્પાદનમાં મોટા ફેરફારઃ સ્ક્રેપ ગોલ્ડની ઉપલબ્ધિ વધશે

પરાગ દવે
અમદાવાદ

ભારતમાં કોરોનાના કારણે સર્જાયેલી આર્થિક કટોકટીના કારણે સ્ક્રેપ ગોલ્ડની ઉપલબ્ધિ વધશે તેથી સોનાની આયાતમાં ઘટાડો થશે પરંતુ રોકાણની દૃષ્ટિએ સોનાની લગડીની માંગમાં વધારો થઈ શકે છે એમ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ-અમદાવાદ (આઈઆઈએમ-એ) ખાતે કાર્યરત ઇન્ડિયા ગોલ્ડ પોલિસી સેન્ટરે (આઈજીપીસી) જણાવ્યું છે. તેના મતે, આવનારા સમયમાં અસંગઠિત ક્ષેત્રમાં સોનાનાં ઘરેણાં જે પ્રકારની જગ્યામાં બને છે તેના કરતાં વધારે સારી વર્કસ્પેસની માંગ રહેશે.

ઇન્ડિયન ગોલ્ડ પોલિસી સેન્ટરના ચેરપર્સન પ્રો. અરવિંદ સહાયે 'ઇકોનોમિક ટાઇમ્સ'ને જણાવ્યું હતું કે, "નાણાકીય વર્ષ ૨૦૨૦-'૨૧માં સ્થાનિક ખપત માટે આયાતી સોનાની માંગ ૩૦૦-૩૫૦ ટન જેટલી રહેશે કારણ કે બજારમાં સ્ક્રેપ ગોલ્ડની ઉપલબ્ધિ ઘણી વધારે રહેશે. હાલમાં ઇટીએફ અને સોવરિન ગોલ્ડ બોન્ડમાં જે ઇનફ્લો જોવા મળ્યો છે તે જોતાં કહી શકાય કે સોનાની લગડીની માંગ નોંધપાત્ર રહેશે. ભારતમાં લગ્નગાળામાં મોટા પાયે સોનાનાં



ઘરેણાંનું વેચાણ થતું હોય છે પરંતુ હાલની સ્થિતિમાં લગ્નો મુલતવી રહ્યાં છે અને મોટા સમારંભો શક્ય નથી તેથી ઘરેણાંની માંગ નીચી રહેશે. લોકો પોતાની આર્થિક જરૂરિયાતો પૂરી કરવા માટે પોતાની પાસે રહેલું સોનું વેચશે એવી પૂરી શક્યતા છે. સામાન્ય લોકો જ નહીં, પરંતુ એમએસએમઇ કંપનીઓના માલિકો અને જ્વેલર્સ પણ નાણાંની જરૂરિયાત પૂરી કરવા મોટા જથ્થામાં સોનાનું વેચાણ કરે તેવી સંભાવના છે."

તેમણે જણાવ્યું હતું કે કોરોના વાઇરસના કારણે કાર્ય કરવાની પદ્ધતિમાં ધરમૂળથી બદલાવ આવશે અને જ્વેલરી સેક્ટરમાં તેની મોટી અસર જોવા મળશે. હાલમાં અસંગઠિત જ્વેલરી મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ જે પ્રકારની વર્કસ્પેસમાં કામ કરે છે તેમાં સૌથી મોટી અસર થશે કારણ કે કામ કરવાનાં સ્થળોએ પણ સોશિયલ ડિસ્ટન્સિંગ અનિવાર્ય બનશે. ઘરેણાં બનાવતા કારીગરો જ હવે વધારે સારી વર્કસ્પેસની માંગ કરશે. ભારતમાં મેન્યુફેક્ચરિંગ અને રિટેલમાં સંગઠિત ક્ષેત્રના કહી શકાય એવા મોટા જ્વેલર્સનો હિસ્સો લગભગ ૪૦ ટકા છે અને તેમની પદ્ધતિ પ્રમાણમાં સારી છે પરંતુ હવે અસંગઠિત ક્ષેત્રના નાના મેન્યુફેક્ચરર્સે નાના સમૂહ બનાવીને વર્કસ્પેસમાં સુધારા માટે નવું રોકાણ કરવું પડશે. ભારતીય જ્વેલરી સેક્ટરમાં મશીન દ્વારા બનતી જ્વેલરી તરફ ઝુકાવ વધશે અને કારીગરો પોતાની સ્પેશિયલાઇઝ્ડ સ્કિલ્સનો ઉપયોગ કરશે.

સોનાના ભાવ ઐતિહાસિક ઊંચી સપાટીએ છે પરંતુ વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાની સ્થિતિને જોતાં સલામત રોકાણ મનાતા સોના તરફ લોકો વળશે એવો મત પ્રો. સહાયે વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, "આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે ગોલ્ડ ઇટીએફમાં લગભગ ૫૦૦ ટનની માંગ જોવા મળી છે અને સોનાની લગડીની માંગ પણ ઊંચી છે. જો સોનું ૧,૮૦૦ ડોલર પ્રતિ ઔંસની સપાટી વટાવશે તો વધારે રોકાણકારો સોના તરફ વળશે."